**અગ્રતા ક્રમ:** ૮

**વિભાગ:** શિક્ષણ વિભાગ

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૧૧૮૦**

વિધાનસભા ગૃહમાં જવાબ
આપવાની તારીખ: **૧૨/૦૨/૨૦૨૪**

**પંદરમી ગુજરાત વિધાનસભા**

**ચોથું સત્ર**

**પ્રશ્ન શિર્ષક: સરકારી પ્રાથમિક શાળાઓમાં કન્ટીજન્સી ગ્રાન્ટ**

**પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ**
**તથા તેમનો મત વિસ્તાર: શ્રી શૈલેષભાઇ મનુભાઇ પરમાર (દાણીલીમડા)**

# સરકારી પ્રાથમિક શાળાઓમાં કન્ટીજન્સી ગ્રાન્ટ

## *૧૫/૪/૧૧૮૦ શ્રી શૈલેષભાઇ મનુભાઇ પરમાર (દાણીલીમડા)

### માનનીય શિક્ષણમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

| ક્રમ | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| ૧ | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં સરકારી પ્રાથમિક શાળાઓમાં કન્ટીજન્સી ગ્રાન્ટ શાળાદીઠ, શિક્ષક દીઠ કે આચાર્ય દીઠ કેટલી ફાળવવામાં આવે છે, | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં સરકારી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીદીઠ રૂ. ૮/- લેખે ડેટમ કેપીટેશન ગ્રાન્ટ ફાળવવામાં આવે છે, તેમાંથી મુખ્ય શિક્ષક દીઠ રૂ. ૫૦ તથા વધારાના પ્રત્યેક શિક્ષક દીઠ રૂ ૨૫ કન્ટીજન્સી ગ્રાન્ટ આપવાના ધોરણો અમલમાં છે. |
| ૨ | ઉક્ત દરો ક્યારથી અમલમાં, | ડેટમ કેપીટેશન ગ્રાન્ટ આપવાના ધોરણો તા.૦૧/૦૪/૧૯૯૯થી અમલમાં છે કન્ટીજન્સી ગ્રાન્ટ આપવાના ધોરણો તા.૧૦/૧૦/૨૦૦૭થી અમલમાં છે. |
| ૩ | ઉક્ત સ્થિતિએ ઉક્ત દરોમાં છેલ્લે ક્યારે અને કેટલો વધારો કરવામાં આવેલ, અને | ડેટમ ગ્રાન્ટ આપવાના ધોરણોમાં તા.૦૧/૦૪/૧૯૯૯થી રૂ.૪/- માં વધારો કરીને રૂ.૮/- તથા કન્ટીજન્સી ગ્રાન્ટના ધોરણોમાં તા.૧૦/૧૦/૨૦૦૭થી મુખ્ય શિક્ષક દીઠ રૂ.૨૫/- માં વધારો કરીને રૂ.૫૦/- અને વધારાના પ્રત્યેક શિક્ષક દીઠ રૂ.૧૦/- માં વધારો કરીને રૂ. ૨૫/- આપવાનું ઠરાવેલ છે, અને |
| ૪ | ઉક્ત દરોમાં વધારો કરવાનું સરકારનું શું આયોજન છે? | ઉક્ત દરોમાં વધારો કરવાનું સરકારનું હાલ કોઇ આયોજન નથી. |

---

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૧૧૮૦**
**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ: શ્રી શૈલેષભાઇ મનુભાઇ પરમાર (દાણીલીમડા)**
**પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ: શ્રી દર્શનાબેન વાઘેલા (અસારવા)**

---

**પ્રશ્ન:(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં સરકારી પ્રાથમિક શાળાઓમાં કન્ટીજન્સી ગ્રાન્ટ કેટલી ફાળવવામાં આવી? તથા**

**(૨) પ્રાથમિક શાળાઓને ફાળવવામાં આવતી કન્ટીજન્સી ગ્રાન્ટમાંથી કયા પ્રકારના ખર્ચ કરવામાં આવે છે?**

**જવાબ: (૧)**

રાજયમાં આવેલ સરકારી પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓની વાર્ષિક સરેરાશ હાજરીના ધોરણે **વિદ્યાર્થીદીઠ રૂ.૮/-** લેખે ડેટમ કેપીટેશન ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. ડેટમ કેપીટેશનમાંથી શાળાના **મુખ્ય શિક્ષક દીઠ રૂ. ૫૦/-** તથા વધારાના પ્રત્યેક **શિક્ષક દીઠ રૂ.૨૫/-** કન્ટીજન્સી પેટે આપવાની જોગવાઇ કરવામાં આવેલ છે. ફાળવેલ ગ્રાન્ટની વિગતો નીચે મુજબ છે.

| શૈક્ષણિક વર્ષ | ફાળવેલ રકમ |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૩,૭૨,૦૦,૦૦૦/- |
| ૨૦૨૨-૨૩ | ૩,૭૨,૦૦,૦૦૦/- |

| શૈક્ષણિક વર્ષ | જિલ્લા શિક્ષણ સમિતિ હસ્તકના વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૪૬,૪૩,૦૦૮ |
| ૨૦૨૨-૨૩ | ૪૬,૪૬,૯૦૬ |
| **૨૦૨૩-૨૪** | **૪૫,૫૨,૨૨૪** |

**નોંધ – આ ગ્રાંટ ફાળવણી વિદ્યાર્થીદીઠ કરવામાં આવતી હોવાથી જિલ્લા કક્ષાએ ફાળવવાની થતી ગ્રાંટ નજીકના રાઉન્ડ ઓફ કરીને ફાળવવામાં આવે છે. આ ગ્રાંટ વિદ્યાર્થીઓની વાર્ષિક સરેરાશ હાજરીના ધોરણે ફાળવવામાં આવતી હોવાથી શૈક્ષણિક વર્ષ પૂર્ણ થયા બાદ બીજા વર્ષે ફાળવવામાં આવે છે.**

**<u>જવાબ: (૨)</u>**

- શાળા માટે ચોક સ્ટીક
- સાવરણી
- પોસ્ટેજ
- કાગળ
- ડસ્ટર
- ગુંદર
- અન્ય સ્ટેશનરી તથા કલર
- ફાઇલો
- શાહી
- રબર સ્ટેમ્પ
- ટેગ
- સ્ટેમ્પ પેડ
- ટાંકણી
- કાર્બન કાગળ
- પેન્સિલ
- દફ્તર જાળવણી માટે કાપડ વિગેરે માટે ખર્ચ કરવામાં આવે છે.

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૧૧૮૦**
**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ: શ્રી શૈલેષભાઇ મનુભાઇ પરમાર (દાણીલીમડા)**
**પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ: ડૉ. પાયલબેન કુકરાણી (નરોડા)**

---

**પ્રશ્ન:(૧) સમગ્ર શિક્ષાની કચેરી, ગાંધીનગર દ્વારા ફાળવવામાં આવતી "સંયુક્ત શાળા ગ્રાન્ટ"ના વપરાશના ધોરણો શું છે? અને કન્ટીજન્સી સિવાયની કયા પ્રકારની ગ્રાંટ ફાળવવામાં આવે છે? તથા**

**(૨) સરકારી શાળાને પોતાની વ્યવસ્થા જાળવવા માટે સમગ્ર શિક્ષાની કચેરી, ગાંધીનગર દ્વારા અલગથી કઇ કન્ટીજન્સી ગ્રાંટ ફાળવવામાં આવે છે? અને તે ગ્રાંટ ફાળવણીના ધોરણો શું છે?**

**જવાબ:(૧) સરકારી શાળાઓ માટે સમગ્ર શિક્ષાની કચેરી, ગાંધીનગર દ્વારા ફાળવવામાં આવતી "સંયુક્ત શાળા ગ્રાન્ટ" ના વપરાશના ધોરણો નીચે મુજબ છે.**

1. આ ગ્રાન્ટ શાળાના બિન કાર્યાત્મક /બિન ઉપયોગ શાળા સાધનોના સ્થળાંતર/બદલી માટે કરવામાં આવે છે.
2. નાટક સામગ્રી, રમતો, રમતના સાધનો, પ્રયોગશાળા, વીજળી ખર્ચ, ઈન્ટરનેટ, પાણી, શિક્ષણ સહાય જેવા અન્ય રિકરીંગ ખર્ચ આ ગ્રાન્ટમાંથી કરવામાં આવે છે.
3. હાલની શાળાના મકાન, શૌચાલય અને અન્ય સુવિધાઓની વાર્ષિક જાળવણી અને મરામત માટે પણ આ ગ્રાન્ટનો ઉપયોગ કરવામાં આવે છે.
4. સ્વચ્છ ભારત અભિયાનને પ્રોત્સાહિત કરવા માટે આ ગ્રાન્ટનો ઉપયોગ કરી શકાય છે.
5. શાળા કક્ષાએથી સમુદાયના યોગદાન ઘટકોનો સમાવેશ કરેલ હોઈ, શાળા દ્વારા સમુદાયનું યોગદાન/ સહયોગ લેવાની જોગવાઈ કરેલ છે.
6. દરેક શાળા સ્વચ્છતા એકશન પ્લાનથી નકકી કરેલ સંબંધિત પ્રવૃત્તિઓ માટે સંયુક્ત શાળા અનુદાનના ઓછામાં ઓછા ૧૦ ટકા ગ્રાન્ટ ખર્ચ કર કરવામાં આવે છે.
7. આ ૧૦ ટકા ગ્રાન્ટમાં સ્કુલની સુવિધા, શૌચાલયો, સ્વચ્છ પીવાનું પાણી અને પાણીમાં સુધારો, સેનિટેશન અને સ્વચ્છતા ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સાબુ, ઓપરેશન્સ અને મેન્ટેનન્સ, બિહેવીયર ચેન્જ પ્રવૃત્તિઓ માટે, શ્રમના નિર્માણ વગેરેનો સમાવેશ કરવાનો રહેશે તેવી જોગવાઈ કરેલ છે.

- **કન્ટીજન્સી સિવાયની ફાળવવામાં આવતી શાળા સ્વચ્છતા ગ્રાંટની વિગતો આ પ્રમાણે છે.**
  - એસીડ, ફિનાઈલ, કપૂરની ગોળીઓ, કચરા ટોપલી, સાવરણી, સાવરણો, ડોલ, સેનિટેશન સફાઈ માટે બ્રશ જેવી વિવિધ વસ્તુઓની શાળાની જરૂરીયાત મુજબ ખરીદી કરવા.
  - રાજ્યમાં સરકારી પ્રાથમિક શાળાઓને સફાઇ માટે નીચે મુજબની શાળાદીઠ વિદ્યાર્થી સંખ્યા પ્રમાણે પ્રતિમાસ રકમ ચૂકવવામાં આવે છે.

| ક્રમ | વિદ્યાર્થી સંખ્યા | માસિક સહાય | વાર્ષિક સહાય |
|---|---|---|---|
| ૧ | ૦ થી ૧૦૦ સુધી હોય તેવી શાળાઓ | ૧૦૦૦/- | ૧૨૦૦૦/- |
| ૨ | ૧૦૧ થી ૩૦૦ સુધી હોય તેવી શાળાઓ | ૧૮૦૦/- | ૨૧૬૦૦/- |
| ૩ | ૩૦૧ થી ૫૦૦ સુધી હોય તેવી શાળાઓ | ૪૦૦૦/- | ૪૮૦૦૦/- |
| ૪ | ૫૦૧ કે તેથી વધુ હોય તેવી શાળાઓ | ૫૦૦૦/- | ૬૦૦૦૦/- |

**જવાબ:(૨) સરકારી શાળાઓ માટે સમગ્ર શિક્ષાની કચેરી, ગાંધીનગર દ્વારા કન્ટીજન્સી સંલગ્ન "સંયુક્ત શાળા ગ્રાન્ટ" ફાળવવામાં આવે છે, અને આ ગ્રાંટ ફાળવણીના ધોરણો નીચે મુજબ છે.**

| ક્રમ | શાળામાં નામાંકિત થયેલ વિદ્યાર્થીઓની સંખ્યા | સંયુક્ત શાળા ગ્રાન્ટની નક્કી કરવામાં આવેલ રકમ |
|---|---|---|
| ૧ | ૧–૧૫ | ૧૦,૦૦૦/– |
| ૨ | ૧૬–૧૦૦ | ૨૫,૦૦૦/– |
| ૩ | ૧૦૦–૨૫૦ | ૫૦,૦૦૦/– |
| ૪ | ૨૫૦–૧૦૦૦ | ૭૫,૦૦૦/– |
| ૫ | ૧૦૦૦થી વધુ | ૧,૦૦,૦૦૦/– |

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૧૧૮૦**
**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ: શ્રી શૈલેષભાઈ મનુભાઈ પરમાર (દાણીલીમડા)**
**પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ: શ્રી અમૂલ ભટ્ટ (મણીનગર)**

---

**પ્રશ્ન: ડેટમ અને કન્ટીજન્સી ગ્રાન્ટમાં છેલ્લે ક્યારે અને કેટલો વધારો કરવામાં આવેલ છે? અને ઉક્ત દરોમાં વધારો કરવાનું સરકારશ્રીનું શું આયોજન છે?**

**જવાબ:**

- ડેટમ ગ્રાન્ટ આપવાના ધોરણોમાં તા.૦૧/૦૪/૧૯૯૯થી રૂ.૪/- માં વધારો કરીને રૂ.૮/- તથા કન્ટીજન્સી ગ્રાન્ટના ધોરણોમાં તા.૧૦/૧૦/૨૦૦૭થી મુખ્ય શિક્ષક દીઠ રૂ.૨૫/- માં વધારો કરીને રૂ.૫૦/- અને વધારાના પ્રત્યેક શિક્ષક દીઠ રૂ.૧૦/- માં વધારો કરીને રૂ. ૨૫/- આપવાનું ઠરાવેલ છે.
- સરકારી શાળાઓ માટે ઉપર જણાવ્યા મુજબની ડેટમ ગ્રાંટ સિવાય સમગ્ર શિક્ષાની કચેરી, ગાંધીનગર દ્વારા શાળાકીય ખર્ચ માટે **પર્યાપ્ત માત્રામાં "સંયુક્ત શાળા ગ્રાન્ટ" ફાળવવામાં આવતી હોઇ** ઉક્ત દરોમાં વધારો કરવાની જરૂરિયાત જણાતી નથી.

**<u>અગ્રતા ક્રમ (૮)</u>**

**(૧) શ્રી દર્શનાબેન વાઘેલા (અસારવા)**

**(૨) ડૉ પાયલબેન કુકરાણી (નરોડા)**

**(૩) શ્રી અમૂલ ભટ્ટ (મણીનગર)**